સદરહું જમીનોના હિત ધરાવતી વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે સદરહું સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં આ જાહેરનામાની તારીખ પછી અધિક કલેકટરશ્રી (સિંચાઈ) ઉ. અને મ. ગુજરાત, ગાંધીનગરની મંજૂરી વિના વેચાણ, પેટા નામફેર વિનિમય દ્વારા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેના અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારણા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેમાં સદરહું જમીનોના ભાગને માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમની કલમ-- ૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

૩ ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે, સદરહું જમીનોની ઉપર્યુકત હેતુઓ માટે જરૂરી છે તો સદરહું અધિનિયમની કલમ-૬ હેઠળ મતલબનું છેતટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશત: કે પુર્ણત: જતુ કર્યુ હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪ તા. ૧૧મી ઓકટોબર, ૧૯૬૩ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલ. એ. ક્યુ./૨૨૬૨/૬૯૧૭૭//કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ --૩ના ખંડ (ગ) હેઠળ અધિક કલેકટર (સિ.) ઉ. અને મ. ગુજરાત ગાંધીનગર સદરહું જમીન/જમીનો સંબંધમાં અધિનિયમની કલમ ૫-ક હેઠળ કલેકટરના કાર્ય બજાવવા માટે તાલુકાનો તે સમયે હવાલો ધરાવતા હોય તેવા નાયબ કલેકટર, જમીન સંપાદન અને પુન : વસવાટ, ધરોઈ, વાત્રક અને અન્ય યોજનાઓ, હિમતનગર નીમે છે.

અનુસૂચિ

એલ.એ.ક્યુ. કેસ નં. ૫/૯૧

જિલ્લો : મહેસાણા તાલુકો : ખેરાલું ગામ : પીંપળદર

સ. નં.	સંપાદન થતી જમીનનો વિસ્તાર
૧	૨
	હે.આરે.ચો.મી.
૧૪૧/૪	૦--૦૭--૮૬
૧૪૧/૧	૦--૦૦--૯૦
૧૪૦/૧	૦--૦૪--૬૧
૧૪૪	૦--૦૨--૮૫
૧૪૬	૦--૧૬--૧૬
૧૫૦	૦--૦૪--૦૦
૧૫૨	૦--૦૧--૪૪
૧૬૦	૦--૦૯--૯૦
૧૫૮	૦--૦૩--૧૫
૧૫૭	૦--૦૩--૬૩
૨૨૯	૦--૦૮--૬૦
૨૩૨	૦--૦૫--૬૦
૨૩૬	૦--૦૬--૪૦
૨૩૮	૦--૦૪--૬૭
૨૪૨	૦--૦૬--૨૪
૨૪૧/૯	૦--૧૩--૭૬
૨૫૫	૦--૧૧--૦૦
૧૪૧/૩	૦--૧૨--૬૭
૧૪૦/૨	૦--૦૫--૫૦
૧૪૩	૦--૦૩--૨૦
૧૪૨	૦--૦૫--૩૫
૧૬૪/૧	૦--૦૬--૨૪
૧૫૧	૦--૦૨--૨૫
૧૬૩	૦--૧૧--૧૪
૧૫૯	૦--૦૭--૭૦
૨૨૨	૦--૦૮--૨૫
૨૨૮	૦--૧૬--૬૧
૨૩૦	૦--૦૫--૦૬
૨૩૧	૦--૦૪--૩૨
૨૩૭	૦--૦૫--૦૧
૨૪૦/૩	૦--૦૪--૦૦
૨૪૧/૬	૦--૦૧--૨૮
૨૪૧/૮	૦--૦૦--૬૪

જાહેર હેતુ.-- ધરોઈ જળાશય યોજનાની એમ--૩૨--એલ--ની એસ. એ. ૧૨--એલ નહેર માટે

તા. ૨૨મી જલાઈ, ૧૯૯૨.

યુ. વી. પટેલ,
અધિક કલેકટર (સિંચાઈ)
ઉત્તર અને મધ્ય ગુજરાત
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIII] THURSDAY, AUGUST 27, 1992/BHADRA 5, 1914 [No. 35

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I—B

CENTRAL SECTION

Government Notifications published under Land Acquisition Act only.

REVENUE DEPARTMENT

Sachivalaya, Gandhinagar 30th May, 1992.

LAND ACQUISITION ACT, 1894 (I OF 1894) :

District : Bharuch.

No. AM/92/131/M/LBR/1592/1219/GH.—Whereas by Government of India Notification, Ministry of Agriculture, (Department of Rural Development, No. 12011/32/17/84-LRD-SO/787(E), dated the 20th August, 1987, issued under clause (1) of Article 258 of the Constitution of India the functions of the Central Government under the Land Acquisition Act, 1894 (I of 1894) in relation to the acquisition of land for the purpose of the Union, within the territory of the State of Gujarat, have been entrusted to the Government of Gujarat.

And whereas it appears to the Government of Gujarat that the land specified in the schedule hereto is likely to be needed for a public purpose viz., for Drill site No. GNAQ-Bunk house, Colony. by Oil and Natural Gas Commission, Ankleshwar.

It is hereby notified under the provisions of section 4 of the Land Acquisition Act, 1894 (1 of 1894) that the said land is likley to be needed for the purpose specified above.

All persons interested in the said land is hereby warned not to obstruct or interfere with any surveyors of other persons employed upon the land for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said land by sale, lease, mortgage, assignment, exchange or otherwise or any outlay or improvement made therein without the sanction of the Collector after the date of this notification will under section 24 (seventhly) of the said Act, disregarded by the officer assessing compensation for such parts of the said land as may be finally acquired.

If the Government of Gujarat is satisfied that the said land is needed for the aforesaid purpose, a final notification to that effect under Section-6 of the said Act, will be published according to law in due course. If the acquisiton is abandoned wholly or in part, the fact will be duly notified according to law.

Under clause (C) of Section 3 of the land Acquisition Act, 1894 the Government of Gujarat is pleased to appoint the Special land Acquisition Officer. Oil and Netural Gas Commission, Ankleshvar to perform the functions of a Collector under Secton 5-A of the said Act, in respect of the said land.

SCHEDULE

District, Taluka & Village in which land is situated.	Block No.	Approximate area of the land required
		H.Are.Sq.M.
Bharuch Jambusar Vanseta	4	0-74-00

INDEX

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તા. ૩૦મી મે, ૧૯૯૨.

જમીન સંપ્રાપ્તિ અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧ લો) :

જિલ્લો : ભરૂચ.

નંબર : અમ/૯૨/૧૩૧/મ/જભર/૧૫૯૨/૧૨૧૯/ધ.—ભારતના બંધારણની કલમ--૨૫૮ ના ખંડ--૧ અન્વયે બહાર પાડવામાં આવેલ ભારત સરકારના ખેતી, (ગ્રામ્ય વિકાસ ખાતું) મંત્રાલયના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૪/એલ.આર.ડી.--એસ. ઓ--૭૮૭ (ઈ) તા. ૨૦મી ઓગસ્ટ, ૧૯૮૭ દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંપાદન અધિનિયમ (સને ૧૮૯૪નો ૧ લો) હેઠળના કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે, એથી,

અને આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલી જમીનની જાહેર હેતુ જેમકે, તેલ અને કુદરતી વાયુ પંચ, અંકલેશ્વર દ્વારા ડ્રિ. સા. નં. જી. એન. એ. કયુ. બુંક હાઉસ કોલોનીના માટે જરૂર પડે તેવો સંભવ ગુજરાત સરકારને લાગે છે, એથી,

સન ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમ (સન ૧૮૯૪નો ૧લો) ની કલમ ૪ની જોગવાઈઓ મુજબ આથી નોટીસ આપવામાં આવે છે કે, ઉકત જમીનની ઉપર દર્શાવેલા હેતુ માટે જરૂર પડે એવો સંભવ છે.

ઉકત જમીનમાં હિત ધરાવતી બધી વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉકત સંપ્રાપ્તિના હેતુસર ઉકત જમીન પર કામે લગાડેલા કોઈપણ મોજણીદારો કે બીજી વ્યકિતઓના કામમાં તેઓએ અડચણ ઉભી કરવી નહીં અથવા દખલગીરી કરવી નહીં આ જાહેરનામું બહાર પડયાની તારીખ પછી કલેકટરની મંજુરી વિના, ઉકત જમીનના નિકાલ માટે વેચાણથી, પટાથી, ગીરોથી, નામફેરથી, વિનિમયથી અથવા બીજી રીતે કરેલા કોઈપણ કરારને અથવા તેમાં કરેલાં કોઈપણ ખર્ચા અથવા સુધારાને, ઉકત અધિનિયમની કલમ ૨૪ (સાતમું) મુજબ, આખરે સંપ્રાપ્તિ કરવામાં આવે તે ઉકત જમીનના એવા ભાગના વળતરની આકારણી કરતા અધિકારી દ્વારા ધ્યાન આપવામાં આવશે નહીં.

જો ગુજરાત સરકારને એવી ખાતરી થશે કે આગળ જણાવેલા હેતુ માટે ઉકત જમીનોની જરૂરિયાત છે, તો ઉકત અધિનિયમની કલમ ૬ અન્વયે તે અંગેનું આખરી જાહેરનામું કાયદાનુસાર યોગ્ય સમયે પ્રસિધ્ધ કરવામાં આવશે જો જમીનની સંપ્રાપ્તિને પૂરેપૂરી કે અંશત: ત્યજી દેવામાં આવશે તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

સન ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમની કલમ ૩ના ખંડ (સી) અનુસાર ગુજરાત સરકાર, ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુપંચ, અંકલેશ્વરને ઉકત અધિનિયમની કલમ ૫--એ અન્વયે ઉકત જમીન સંબંધમાં કલેકટરનાં કાર્યો બજાવવા માટે નીમે છે.

અનુસૂચિ

જમીન આવેલી હોય તે જિલ્લો, તાલુકો અને ગામ	બ્લોક નંબર	જરૂરી આશરે	જમીનનો વિસ્તાર
(૧)	(૨)		(૩)
			હે. આરે. ચો. મીટર.
ભરૂચ. જંબુસર. વાંસેટા	૪		૦૦--૭૪--૦૦

Sachivalaya, Gandhinagar, 3rd June, 1992.

LAND ACQUISITION ACT, 1894 (I OF 1894).

District : Surat.

No. : AM/92/136/M/LSU/1692/1586/GH.–Whereas it appears to the Government of Gujarat that the lands specified in the schedule hereto are likely to be needed for a public purpose viz for Laying pipeline for water supply to different industries complex by Gujarat Industrial Development Corporation, It is hereby notified under the provision of section–4 of the Land Acquisition Act, 1894 (I of 1894) that the said lands are likely to be needed for the purpose specified Above.

All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any surveyors or other persons employed upon the said lands for the purpose of the said acquisition. Any contract for the disposal of the said acquisition. Any contract for the disposal of the said lands by sale, lease, mortgage, assignment, exchange or otherwise, or any outlay or improvement made therein, without the sanction of the Collector, after the date of this notification will under section 24 (Seventhly) of the said Act, be disregarded by the officer assessing compensation for such parts of the said lands as may be finally acquired.

If the Government of Gujarat is satisfied that the said lands are needed for the aforesaid purpose, final notification to that effect under section 6 of the said Act will be published according to law in due course, if the acquisition is abandoned wholly or in part, the fact will be duly notified according to law.

Under clause (C) of section-3 of the Land Acquisition Act, 1894 the Government of Gujarat is pleased to appoint the officer on Special Duty (Land Acquisition) G.I.D.S, Vikas Building Dutch Garden

INDEX

Road, Nanpura, Surat to perform the functions of a Collector under section-5/A of the said Act in respect of the said lands.

SCHEDULE

Village Taluka District	Block No.	Area
		H.A.Sq.Mt.
Velanja Kamrej Surat	312	0-04-38

By order and in the name of the Governor of Gujarat,

SHAMJI PATEL,
Under Secretary to Government.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી જુન ૧૯૯૨.

જમીન સંપ્રાપ્તિ અધિનિયમ સને ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો).

જિલ્લો : સુરત

નંબર અમ/૯૨/૧૩૬/મ/જસત/૧૬૯૨/૧૫૮૬/ધ— આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે જેમકે હજીરા વોટર પ્રોજેકટ માટે જુદા જુદા ઔદ્યોગિક સંકુલો તથા ઔદ્યોગિક વસાહતોને પાણી પુરૂ પાડવા માટે પાઈપ લાઈન નાંખવા માટે જરૂર પડે તેવો સંભવ ગુજરાત સરકારને લાગે છે એથી સને ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) ની કલમ-૪ની જોગવાઈઓ મુજબ આથી નોટીસ આપવામાં આવે છે કે ઉકત જમીનોની ઉપર દર્શાવેલા હેતુ માટે જરૂર પડે તેવો સંભવ છે.

ઉકત જમીનોમાં હિત ધરાવતી બધી વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉકત સંપ્રાપ્તિના હેતુસર ઉકત જમીનો પર ક્રમે લગાડેલા કોઈપણ મોજણીદાર કે બીજા વ્યકિતઓના કામમાં તેઓએ અડચણ ઉભી કરવી નહી અથવા દખલગીરી કરવી નહીં. આ જાહેરનામું બહાર પડયાની તારીખ પછી કલેકટરની મંજુરી વિના ઉકત જમીનોના નિકાલ માટે વેચાણેથી પટાથી ગીરોથી નામફેરથી વિનિમયથી અથવા બીજી રીતે કરેલા કોઈપણ કરારને અથવા તેમાં કરેલા કોઈપણ ખર્ચ અથવા સુધારાને ઉકત અધિનિયમની કલમ-૨ (સાતમું) મુજબ આખરે સંપ્રાપ્ત કરવામાં આવે છે તે ઉકત જમીનોના એવા ભાગના વળતરની આકારણી કરતા અધિકારી દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ જો ગુજરાત સરકારને એવી ખાતરી થશે કે આગળ જણાવેલા હેતુ માટે ઉકત જમીનોની જરૂરીયાત છે તો ઉકત અધિનિયમની કલમ-૬ અન્વયે તે અંગેનું આખરી જાહેરનામું યોગ્ય સમયે કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે જો જમીનની સંપ્રાપ્તિ ને પુરેપુરી કે અંશત: ત્યજી દેવામાં આવશે તો તે હકીકત યોગ્ય રીતે કાયદાનુસાર જાહેર કરવામાં આવશે. સને ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમની કલમ-૩ના ખંડ 'સી' અનુસાર ગુજરાત સરકાર ઓફીસર ઓન સ્પે. ડયુટી (જમીન સંપાદન) વિકાસ બિલ્ડીંગ ડયગાર્ડન રોડ નાનપુરા સુરતને ઉકત અધિનિયમની કલમ-૫એ અન્વયે ઉકત જમીનો સંબંધમાં કલેકટરના કાર્યો બજાવવા માટે નીમે છે.

અનુસૂચિ

મોજે : વેલંજા તાલુકો : કામરેજ જિલ્લો : સુરત

બ્લોક નંબર	ક્ષેત્રફળ
	હે. આર. ચો. મી.
૩૧૨	૦૦-૦૪-૩૮

હેતુ:-હજીરા વોટર પ્રોજેકટ માટે જુદા જુદા ઔદ્યોગિક સંકુલો તથા ઔધોગિક વસાહતોને પાણા પુરૂ પાડવાના કામ માટે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ,
સરકારના ઉપસચિવ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૨.

સુધારો

જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો) ;

જિલ્લો : સુરત.

નંબર : અમ/૯૨/૧૭૩/મ/જસત/૧૫૯૧/૩૩૮૫/ધ.— જમીન સંપ્રાપ્તી અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો) ની કલમ ૬ હેઠળની જમીનો, ઓ.એન.જી.સી. ના ગેસ ટર્મીનલ અને એલ.પી.જી. પ્લાન્ટના કામે જમીન સંપાદન અધિનિયમ, જાહેરનામા ક્રમાંક : અમ-૯૨-૧૧૩-મ-જસત-૧૫૯૧-૩૩૮૫-ધ તા. ૧૮/૫/૯૨, ભાગ--૧--બીમાં પાના નંબર ૧૨૬૯-૧૨૭૦-ઉપર તા. ૪--૬--૯૨ના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ છે તેની અનુસૂચિમાં :

વાંચો		ને બદલે	
બ્લોક નંબર		બ્લોક નંબર	
સર્વે નંબર		સર્વે નંબર	
બ્લોક નંબર ૨૬૫-બ		બ્લોક નં. ૨૬૫--બ	
સ.નં. ૩૭૯/૧		સ.નં. ૩૭૯/૨	
સ.નં. ૩૭૯/૨		સ.નં. ૩૭૯/૨	

Sachivalaya, Gandhinagar, 22nd July, 1992.

LAND ACQUISITION ACT, 1894 (I OF 1894)

District : Kheda.

No. AM/92/185/M/LKI/1592/148/GH.— Whereas by the Government of India Notification, Ministry of Agriculture (Department of Rural Development) No. 12011/32/17/84/LRD/SO/787(E), dated 20th August, 1987 issued under clause(1) of article 258 of the Constitution of India, the functions of the Central Government under the Land Acquisition Act, 1894 (I of 1894) in relation to the acquisition of land for the purpose of the Union within the territory of the State of Gujarat, have been entrusted to the Government of Gujarat.

INDEX

And whereas by Government Notification, Revenue Department No. AM-92-7-M-LKI-1592-148-GH, dated 21st January, 1992 published according to law on it was notified that land specified in the schedule hereto (hereinafter referred to as the said lands were likely to be needed for the public purpose specified in column 4 of the schedule hereto.

And whereas the Government of Gujarat is satisfied after considering the report of the Deputy Collector, Petlad, Prant, Petlad under sub-section (2) of Section 5-A of the Land Acquisition Act, 1894 (I of 1894), that the said lands are needed to be acquired for the public expense for the purpose specified in column 4 of the schedule hereto.

It is hereby declared under the provision of section 6 of the said Act that the lands are required for the purpose specified in column 4 of the schedule hereto.

The Deputy Collector, Petlad Prant, Petlad is hereby appointed under clause (c) of section 3 of the said Act to perform the functions of a Collector for all proceedings hereafter to be taken in respect of the said lands. He is also directed under section 7 of the said act to take order for the acquisition of the said lands.

A plan of the said lands can be inspected at the Office of the Deputy Collector, Petlad Prant, Petlad.

SCHEDULE

District : Kheda
Taluka : Borsad.
Village : Diwel

1

S.No.	Approximate area of the land required	Public purpose for which the lands are needed
2	3	4
255/1 Paiki	0-15-12	
255/2/paiki	0-30-53	Approach Road to Drill site IKT-5 By Oil and Natural Gas Commission.
255/3/paiki	0-33-90	

By order and in the name of the Governor of Gujarat,

V. K. CHAUHAN,
Under Secretary to Government.

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૨મી જુલાઈ, ૧૯૯૨.

જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો) :

જિલ્લો : ખેડા

નંબર : અમ/૯૨/૧૮૫/મ/જખડ/૧૫૯૨/૧૪૮/ધ.— ભારતના બંધારણની કલમ ૨૫૮ ના ખંડ--૧ અન્વયે બહાર પાડવામાં આવેલ ભારત સરકારના ખોરાક, ખેતી સામુહિક, વિકાસ અને મંત્રાલયના સહકારના તા. ૨૩મી એપ્રિલ, ૧૯૬૬ ના જાહેરનામા નંબર--૪ ૧/૬૫--જનરલ--૨ દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ ની જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ ના ૧ લા હેઠળના કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને-સોંપવામાં આવ્યા છે,

અને મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા નં--અમ/૯૨--૭/મ જખડ--૧૫૯૨/-૧૪૮/ધ, તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૨ કે જે કાયદાનુસાર તા. ના રોજ પ્રસિદ્ધ કરાવવામાં આવેલ છે તે દ્વારા એવું જાહેર કરવામાં આવેલ છે કે આ સાથેની અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનો કે જેની હવે પછી ઉકત જમીનો તરીકે ઉલ્લેખ થયેલ છે તે અનુસૂચિના ખાના--૪ માં દર્શાવિલ જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે અને જ્યારે સને ૧૮૯૪ ના જમીન સંપાદન અધિનિયમ (૧૮૯૪ના અધિનિયમ--૧ લો) ની કલમ ૫--કની પેટા--કલમ (૨) હેઠળના નાયબ/મદદનીશ કલેકટરશ્રી પેટલાદના અહેવાલ ઉપર વિચારણા કર્યા બાદ નીચેની અનુસૂચિના ખાના ૪ માં દર્શાવિલ જાહેર હેતુ માટે ઉકત જમીનોનું સરકારી ખર્ચે સંપાદન કરવાનું છે એવી ગુજરાત સરકારને ખાતરી થયેલ છે.

આથી ઉકત અધિનિયમની કલમ--૬ ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે નીચેની અનુસુચિના ખાના ૪માં દર્શાવિલ જમીનો જાહેર હેતુ માટે સંપાદિત કરવામાં આવેલી છે.

આથી નાયબ /મદદનીશ કલેકટરશ્રી પેટલાદને ઉકત અધિનિયમની કલમ-૩ ના ખંડ--ધ હેઠળ ઉકત જમીનોને લગતી હવે પછીની તમામ કાર્યવાહી માટે કલેકટરશ્રીની કામગીરી બજાવવા સારું નિયુકત કરવામાં આવે છે તેમને ઉકત જમીનના સંપાદન માટેનો આદેશ લેવા માટે ઉકત અધિનિયમની કલમ-૭ હેઠળ સુચના આપવામાં આવે છે. ઉકત જમીનોનો પ્લાન નાયબ/મદદનીશ કલેકટરશ્રી પેટલાદની કચેરીએ જોઈ શકાશે.

અનુસૂચિ

જ્યાં આ જમીનો આવેલ હોય તે જીલ્લો તાલુકો અને ગામ	સરવે નંબર	જોઈતી જમીનોનું આશરે ક્ષેત્રફળ	જેના માટે જમીનો જોઈતી હોય તે જાહેર હેતુ
૧	૨	૩	૪
ખેડા બોરસદ દિવેલ	૨૫૫/૧/પૈકી ૨૫૫/૨/પૈકી ૨૫૫/૩/પૈકી	૦--૧૫--૧૨ ૦--૩૦--૫૩ ૦--૩૩--૯૦	તેલ અને કુદરતી વાયુપંચની ડ્રીલ આઉટ આઈ.કે.ટી. ૫ ના એપ્રોચ રોડ માટે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિક્રમસિંહ ચૌહાણ,
સરકારના ઉપસચિવ

INDEX

REVENUE DEPARTMENT

Sachivalaya, Gandhinagar, 1st August, 1992.

LAND ACQUISITION ACT, 1894 (I OF 1894).

District : Bharuch.

No. AM/92/199/M/LBR/1592/2198/GH.—Whereas by Government of India Notification, Ministry of Agriculture (Department of Rural Development) No. 12011/32/17/84-LRD- S.O. 787 (E) dated the 20th August 1987 issued under clause (1) of article 258 of the Constitution of India the functions of Central Government under the Land Acquisition Act, 1894 (1 of 1894) in relation to the acquisition of land for the purpose of the Union within the territory of the State of Gujarat have been entrusted to the Government of Gujarat.

And whereas it appears to the Government of Gujarat that the lands specified in the schedule here to are likely to be needed for a public purpose *Viz.* for well No. 119-G.N.X.I. by Oil and Natural Gas Commission, Ankleshvar.

It is hereby notified under the provisions of section 4 of the land Acquisition Act, 1894 (1 of 1894) that the said lands are likely to be needed for the purpose specified above.

All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any surveyors or other persons employed upon the lands for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said lands by sale, lease, mortgage, assignments, exchnage, or otherwise or any outlay or improvements made therein without the sanction of the Collector, after the date of this notification will, under section 24 (Seventhly) of the said Act, disregarded by the Officer., assessing compensation for such parts of the said lands as may be finally acquired.

If the Government of Gujarat is satisfied that the said lands are needed for the aforesaid purpose, a final notification to that effect under Section-6 of the said Act, will be published according to law in due course. If the acquisition is abandoned wholly or in part, the fact will be duly notified according to law.

Under clause (C) of Section 3 of the land Acquisition Act, 1894 the Government of Gujarat is pleased to appoint the Special land Acquisition Officer, Oil and Natural Gas Commission, Ankleshvar to perform the functions of a Collector under Section-5- A of the said Act. in respect of the saiad lands.

SCHEDULE

District : Bharuch Taluka : Jambusar. Village: Kalak.

Block No.	Approximate area of the lands required.
1	2
732	0-29-00

By order and in the name of the Governor of Gujarat,

S. M. VANKAR,
Under Secretary to Government.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૧૯૯૨.

જમીન સંપ્રાપ્તિ અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો).

જિલ્લો : ભરૂચ.

નંબર : અમ/૯૨/૧૯૯૯/મ/જભર/૧૫૯૨/૨૧૯૮/ધ.—ભારતના બંધારણની કલમ--૨૫૮ના ખંડ--૧ અન્વયે બહાર પાડવામાં આવેલ ભારત સરકારના ખેતી, (ગ્રામ્ય વિકાસ ખાતુ) મંત્રાલયના જાહેરનામાં નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૪/એલ.આર.ડી.એસ.ઓ-૭૮૭ (ઈ) તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૮૭ દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન સંબંધમાં સને ૧૮૯૪ના જમીન સંરક્ષણ અધિનિયમ (સને ૧૮૯૪નો ૧લો) હેઠળના કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે, એથી,

અને આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલી જમીનની જાહેર હેતુ જેમ કે તેલ અને કુદરતી વાયુ ખંચ, અંક્લેશ્વર દ્વારા વેલ નં. ૧૧૯ (જી.એન. એક્સ.આઈ.) માટે જરૂર પડે તેવો સંભવ ગુજરાત સરકારને લાગે છે એથી,

સન ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમ (સન ૧૮૯૪નો ૧લો)ની કલમ--૪ની જોગવાઈઓ મુજબ, આથી નોટિસ આપવામાં આવે છે કે ઉકત જમીનની ઉપર દર્શાવેલા હેતુ માટે જરૂર પડે એવો સંભવ છે.

ઉકત જમીનમાં હિત ધરાવતી બધી વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉકત સંપ્રાપ્તિના હેતુસર ઉકત જમીનો પર કામે લગાડેલા કોઈપણ મોજણીદારો કે બીજી વ્યકિતઓના કામમાં તેઓએ અડચણ ઊભી કરવી નહીં અથવા દખલગીરી કરવી નહીં. આ જાહેરનામું બહાર પડયાની તારીખ પછી કલેકટરની મંજૂરી વિના, ઉકત જમીનોના નિકાલ માટે વેચાણથી, પટાથી, ગીરોથી, નામફેરથી, વિનિમયથી અથવા બીજી રીતે કરેલા કોઈપણ કરારને અથવા તેમાં

INDEX

કરેલાં કોઈપણ ખર્ચ અથવા સુધારાને, ઉકત અધિનિયમની કલમ ૨૪ (સાતમું) મુજબ આખરે સંપ્રાપ્તિ કરવામાં આવે તે ઉકત જમીનના એવા ભાગના વળતરની આકારણી કરતા અધિકારી દ્વારા ધ્યાન આપવામાં આવશે નહીં.

જો ગુજરાત સરકારને એવી ખાતરી થશે કે, આગળ જણાવેલા હેતુ માટે ઉકત જમીનની જરૂરિયાત છે, તો ઉકત અધિનિયમની કલમ ૬ અન્વયે તે અંગેનું આખરી જાહેરનામું કાયદાનુસાર યોગ્ય સમયે પ્રસિધ્ધ કરવામાં આવશે. જો જમીનની સંપ્રાપ્તિને પુરેપુરી કે અંશત: ત્યજી દેવામાં આવશે, તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

સન ૧૮૯૪ના જમીન સંપ્રાપ્તિ અધિનિયમની કલમ ૩ના ખંડ (સી) અનુસાર ગુજરાત સરકાર, ખાસ જમીન સંપાદન અધિકારી, તેલ અને કુદરતી વાયુપંચ, અંકલેશ્વરને ઉકત અધિનિયમની કલમ ૫--એ અન્વયે ઉકત જમીનના સંબંધમાં કલેકટરના કાર્યો બજાવવા માટે નીમે છે.

અનુસૂચિ

જમીન આવેલી હોય તે જિલ્લો, તાલુકો અને ગામ	બ્લોક નંબર	જરૂરી જમીનનો આશરે વિસ્તાર
(૧)	(૨)	(૩)
		હે.આરે.ચો.મી.
ભરૂચ, જંબુસર કલક	૭૩૨	૦--૨૯--૦૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. વણકર,
સરકારના ઉપ-સચિવ.

BY THE DISTRICT COLLECTOR, AHMEDABAD

LAND ACQUISITION ACT, 1894 (1 OF 1894).

District : Ahmedabad.

No. LAH-(6)-14/92.—Whereas by Collector Ahmedabad's Notification No. LAH-(4)-55/91, dated 5th August, 1991, it was notified that the lands specified in the Schedule hereto (hereinafter referred to as the said lands) were likely to be needed for the public purpose specified in the Schedule hereto.

And whereas the collector of Ahmedabad empowered under section 52(A) of the Land Acquisition Act, 1894 is satisfied after considering the report of the Second Additional Special Land Acquisition Officer (District Ahmedabad under sub-section (2) of section 5-A of the Land Acquisition Act, 1894 (1 of 1894) that the said lands are needed to be acquired at the public expense for the public purpose specified in the Schedule hereto.

It is hereby declared under the provision of Section 6 of the said Act that the lands are required for the public purpose specified in the Schedule hereto Second Additional Special Land Acquisition Officer, District Ahmedabad in charge of the Dascroi taluka is hereby appointed under clause (c) of section 3 of the said Act read with Government Notification Revenue Department No. LAQ/2262/69177/K, dated 11th October, 1963 to perform the function of the Collector for all proceeding hereafter to be taken in respects of the said lands. He is also directed under section 7 of the said Act read with Government Notification, Revenue Department No. LAQ/2262/69177/K–dated 11th October 1963 to take order for the Acquisition of the said lands.

A plan of the said lands can be inspected at the office of the Second Additional Special Land Acquisition Officer, District Ahmedabad.

SCHEDULE

District:-Ahmedabad, Taluka:-Dascroi
Village:- Chharodi.

Block No.	Area of the lands required
1	2
	H.A.Sq.Mts.
6	0-01-60
17	0-00-65
44	0-00-25
209	0-02-02
212	0-02-12
213	0-06-10
214	0-01-92
215	0-02-07

Public purpose:- For Chharodi-Jagatpur-Chenpur road.

Date : 5th June, 1992.

જિલ્લા કલેકટર અમદાવાદ દ્વારા

જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો).

જિલ્લો:-અમદાવાદ.

ક્રમાંક:-જઅમ--(૬)- ૧૪/૯૨.— અમદાવાદ જિલ્લાના કલેકટરના તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૧ના જાહેરનામા નં. જઅમ--(૪)--૫૫/૯૧ અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ જમીનો (હવે પછી જેનો ઉલ્લેખ ઉકત જમીનો તરીકે કર્યા છે.) આ સાથેની અનુસૂચિમાં જણાવેલાં સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

INDEX

જમીન સંપાદન ધારાની કલમ ૫૨-અ અન્વયે આપવામાં આવેલ સત્તા અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારીનો જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (૧૮૯૪નો ૧લો)ની કલમ ૫-કની પેટા કલમ(૨) મુજબના બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લા) અમદાવાદનો અહેવાલ વિચારણામાં લીધા બાદ જિલ્લાના કલેકટરને એવી ખાતરી થઈ છે કે હિત -સબંધ ધરાવતાં ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે સરકારી ખર્ચે સંપાદિત કરવી જરૂરી છે.

આથી ઉકત અધિનિયમની કલમ--૬ની જોગવાઈ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તારીખ ૧૧મી ઓકટોબર ૧૯૬૩ની મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-એલ.એ.ક્યુ--૨૨૬૨/૬૯૧૭૭/કે સાથે વાંચવામા આવતા જમીન સંપાદન અધિનિયમ--૧૮૯૪ની કલમ--૩ના ખંડ(ગ) અન્વયે આથી ઉકત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેકટરની ફરજો બજાવવા માટે દસ્ક્રોઈ તાલુકાનો હવાલો ધરાવતા બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લો) અમદાવાદ ને નીમવામાં આવે છે ઉકત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ અધિનિયમની કલમ--૭ અન્વયે સાથે તા. ૧૧મી ઓકટોબર ૧૯૮૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલ.એ.ક્યુ. ૨૨૬૩/૬૯૧૭૭-કે વાંચતાં તેમને ફરમાવવામાં આવે છે

ઉકત જમીનોનો નકશો બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લો) અમદાવાદની કચેરી ખાતે તપાસી શકાશે

અનુસૂચિ

જિલ્લો:-અમદાવાદ તાલુકા:-દસ્ક્રોઈ ગામ-છારોડી

બ્લોક નંબર	જરૂરી જમીનનો વિસ્તાર
૧	૨
	હે.આરે.ચો.મી.
૬	૦--૦૧--૬૦
૧૭	૦--૦૦--૬૫
૪૪	૦--૦૦--૨૫
૨૦૯	૦--૦૨--૦૨
૨૧૩	૦--૦૬--૧૦
૨૧૨	૦--૦૨--૧૨
૨૧૪	૦--૦૧--૯૨
૨૧૫	૦--૦૨--૦૭

જાહેર હેતુ :-છારોડી જગતપુર ચેનપુર રોડ માટે.

તારીખ:-૫મી જૂન ૧૯૯૨.

District : Ahmedabad.

No. LAH(4)-28/92.—Whereas it appears to the Collector of Ahmedabad empowered under section 52-A of the Land Acquisition Act, 1894 that the lands specified in the schedule hereto are likely to be needed for a public purpose *viz.* for Sankol-Vasna-Dhedhal Road.

It is hereby notified under the provisions of section 4 of the Land Acquisition Act, 1894 (I of 1894) that the said lands are likely to be needed for the purpose specified above.

All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any suveyors or other persons employed upon the said lands for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said lands by sale, lease, mortgage, assignment, exchange or otherwise or any outlay or improvement made therein without the sanction of the Collector, after the date of this notification will under section 24 (seventhly) after said Act, be disregarded by the officer assessing compensation for such parts of the said lands as may be finally acquired.

If the Government of Gujarat is satisfied that the said lands are needed for the aforesaid purpose, a final notification to that effect under section 6 of the said act will be published according to law in due course. If the acquisition is in part or wholly abandoned the fact will be duly notified according to law.

Under clause (c) of section 3 of the Land Acquisition Act, 1894, read with Government Notification, Revenue Department No. LAQ-2262/69177-K, dated 11th October, 1963 the Collector, Ahmedabad is pleased to appoint the Second Additional Special Land Acquisition Officer (Dist.) Ahmedabad to perform the functions of a Collector under section 5A of the said Act in respect of the said lands.

SCHEDULE

District Ahmedabad, Taluka : Sanand
Village : Vasna--Dhedhal

Block No.	Approximate area of the land required
	H.A.Sq.M.
161	0–02–60

Dated 8th July, 1992.

જિલ્લો અમદાવાદ.

નં. જઆમ-(૪)- ૨૮/૯૨.-- જિલ્લા કલેકટરને જમીન સંપાદન ધારાની કલમ--૫૨-એ અન્વયે આપવામાં આવેલ સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની સાંકોડ વાસણા-- ઢેઢાળ રોડના જાહેર હેતુ માટે જરૂર પાડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સન ૧૮૯૪ના ૧લા) ની કલમ ૪ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે સદરહુ જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) સદરહુ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરની મંજૂરી વિના વેચાણપટા, ગીરો નામફેર, વિનિમય દ્વારા અથવા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદર સદરહું અધિનિયમની કલમ--૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે, સદરહુ જમીનોની ઉપર્યુકત હેતુ ઓ માટે જરૂર છે તો સદરહુ અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદા અનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે સંપાદન અંશત: કે પૂર્ણત: જતુ કર્યું હશે તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

(૪) તા. ૧૧મી ઓકટોબર, ૧૯૬૩ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા કમાંક એલએકયુ/ ૨૨૬૨/ ૬૯૧૭૭/કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની કલમ -૩ના ખંડ (ગ) હેઠળ જિલ્લા કલેકટર સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ--૫ (ક) હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લા) અમદાવાદને નીમે છે.

અનુસૂચિ

જિલ્લો : અમદાવાદ તાલુકો : સાણંદ
ગામ - વાસણા ઢેઢાળ

બ્લોક નં.	જરૂરી જમીનનો વિસ્તાર
	હે.આરે.ચો.મી.
૧૬૧	૦--૦૨--૬૦

તા. ૮મી જૂલાઈ, ૧૯૯૨.

District : Ahmedabad

No. LAH/(4)29/92.—Whereas it appears to the Collector of Ahmedabad empowrered under section 52-A of the Land Acquisition Act, 1894 that the lands specified in the schedule hereto are likely to be needed for a public purpose viz. for the housing schemes of Gujarat Housing Board.

It is hereby notified under the provisions of section 4 of the Land Acquisition Act, 1894 (I of 1894) that the said lands are likely to be needed for the purpose specified above.

All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any surveyors or ot her persons employed upon the said lands for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said lands by sale, lease, mortgage, assignment, exchange or otherwise or any outlay or improvement made therein, without the sanction of the Collector, after the date of this notification will under section 24 (seventhly) of the said Act be disregarded by the officer assesising compensation for such parts of the said lands as may be finally acquired.

If the Government of Gujarat is satisfied that the said lands are needed for the aforesaid purpose, a final notification to that effect under section 6 of the said Act will be published according to law in due course. If the acquisition is in part or wholly abandoned the fact will be duly notified according to law.

Under clause (c) of section 3 of the Land Acquisition Act, 1894 read with Gvernment Notification, Revenue Department. No. LAQ-2262-1-69177-K, dated 11th October, 1983 the Collector Ahmedabad is pleased to appoint the Special Land Acquisition Officer (Gujarat Housing Board) Ahmedabad to perform the funct ons of a Collector under section 5A the said Act in respect of the said lands.

SCHEDULE

District : Ahmedabad, Taluka : Sanand,
Village : Sanand.

Survey No.	Approximate area of the lands required
	H.A.Sq.M.
2128/paiki	0-03-52

Dated 8th July, 1992.

જિલ્લો : અમદાવાદ

નં. જઆમ/(૪)-૨૯/૯૨.—જિલ્લા કલેકટરને જમીન સંપાદન ધારાની કલમ-૫૨-અ અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની ગુજરાત હાઉસીંગ બોર્ડની આવાસ યોજનાઓના જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

INDEX

આથી જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪ ન' ૧ લા) ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) સદરહુ જમીનોમાં હિત ધરાવની તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરની મંજૂરી વિના વેચાણ, પેટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેના અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ-જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદર સદરહુ અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને અવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુકત હેતુઓ માટે જરૂર છે તો સદરહુ અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશત: કે પૂર્ણત: જતું કર્યું હશે તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

(૪) તા. ૧૧ મી ઓકટોબર, ૧૯૬૩ ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલ.આ. કયુ.-૨૨૬૨-૬૯૧૭૭-કે સાથે વાંચવામાં આવતાં જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની, કલમ-૩ ના ખંડ (ગ) હેઠળ જિલ્લા કલેકટર સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ-૫ (ક) હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારી (ગુજરાત હાઉસીંગ બોર્ડ) અમદાવાદને નીમે છે.

અનુસૂચિ

જિલ્લો : અમદાવાદ તાલુકો : સાણંદ ગામ : સાણંદ

સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર
	હે. આર. ચો. મી.
૨૧૨૮ પૈકી	૦–૦૩–૫૨

તા. ૮ મી જુલાઈ, ૧૯૯૨.

District : Ahmedabad.

No. LAH/(4)-30/92.—Whereas it appears to the Collector of Ahmedabad empowered under section 52-A of the Land Acquisition Act, 1894 that the lands specified in the schedule here to are likely to be needed for a public purpose viz; for Sanand-Kolart Changodar-Navapura Road.

It is hereby notified under the provisions of section 4 of the Land Acquisition Act, 1894, (1 of 1894) that the said lands are likely to be needed for the purpose specified above.

2. All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any surveyors or other persons employed upon the said lands for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said lands by sale, lease, mortgage, assignment, exchange or otherwise or any outlay improvement made therein without the sanction of the Collector, after the date of this notification will under section 24 (Seventhly) after said Act, be disregarded by the officer assessing compensation for such parts of the said lands as may be finally acquired.

3. If the Government of Gujarat is satisfied that the said lands are needed for the aforesaid purpose, a final notification to that effect under section 6 of the said act will be published according to law in due course. If the acquisition is in part or wholly abandoned the fact will be duly notified according to law.

4. Under clause (c) of section 3 of the Land Acquisition Act, 1894, read with Government Notification Revenue Department No. LAQ-2262/69177-K, dated 11th October, 1963 the Collector, Ahmedabad is pleased to appoint the Second Additional Special Land Acquisition Officer, (Dist.) Ahmedabad to perform the functions of a Collector under section 5-A of the said Act in respect of the said lands.

SCHEDULE

District : Ahmedabad Taluka : Sanand
Village : Sanand.

Survey No.	Approximate area of lands required
	H. A. Sq.mts.
1325	0-00-70
1323	0-01-50
1322	0-00-80
1230/2	0-01-00
1228	0-02-50
1131	0-01-00
1136	0-00-80

Date : 8th July, 1992.

જિલ્લો : અમદાવાદ.

નં. :જસમ-(૪)-૩૦-૯૨.— જિલ્લા કલેકટરને જમીન સંપાદન ધારાની કલમ ૫૨--એ અન્વયે આપવામાં આવેલ સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની સાણંદ--કોલટ ચાંગોદર નવાપુરા રોડના જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

INDEX

આથી જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સન ૧૮૯૪ ૧લા)ની કલમ ૪ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે સદરહુ જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) સદરહુ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ કોઈ સવે યરો કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરની મંજૂરી વિના વેચાણપટા, નામફેર, વિનિમય દ્વારા અથવા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ--૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે, સદરહુ જમીનોની ઉપર્યુકત હેતુ ઓ માટે જરૂર છે તો સદરહુ અધિનિયમની કલમ--૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદા અનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યે હશે તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

(૪) તા. ૧૧/૧૦/૧૯૬૩ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક એલએકયુ-૨૨૬૨-૬૯૧૭૭-કે સાથે વાંચવામાં આવતાં જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ--૩ના ખંડ (ગ) હેઠળ જિલ્લા કલેકટર સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ--૫ (ક) હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લા) અમદાવાદને નીમે છે.

અનુસૂચિ

જિલ્લા : અમદાવાદ તાલુકો : સાણંદ ગામ : સાણંદ.

સ. નં.	જરૂરી જમીનનો વિસ્તાર
	હે.આરે.ચો.મી.
૧૩૨૫	૦--૦૦--૭૦
૧૩૨૩	૦--૦૧--૫૦
૧૩૨૨	૦--૦૦--૮૦
૧૨૩૦/૨	૦--૦૧--૦૦
૧૨૨૮	૦--૦૨--૫૦
૧૧૩૧	૦--૦૧--૦૦
૧૧૩૬	૦--૦૦--૮૦

૮મી જુલાઇ, ૧૯૯૨.

LAND ACQUISITION ACT, 1894 (1 OF 1894).

District : Ahmedabad.

No. LAH/(6)-21/92.—Whereeas by Collector Ahmedabad's Notification No. LAH-(4) 58/91 Dated 9th August, 1991 it was notified that the lands specified in the Schedule hereto (herein after referred to as the said lands) were likely to be needed for the public purpose specified in the Schedule hereto.

And whereas as the collector of Ahmedabad empowered under section 52 (A) of the land Acquisition Act, 1894 is satisfied after considering the report of the Second Additional Special Land Acquisition Officer (District) Ahmedabad under sub-section (2) of section 5-A of the Land Acquisition Act, 1894 (1) of 1894) that the said lands are needed to be acquired at the public expense for the public purpose specified in the Schedule hereto.

It is hereby declared under the provisions of Section 6 of the said Act, that the lands are required for the public purpose specified in the Schedule here to Second Additional Special Land Acquisition Officer (District) Ahmedabad in Charge of the Dascroi Taluka, is hereby appointed under clause (c) of section 3 of the said Act read with Government Notification Revenue Department No. LAQ/2262/69177-K, dated 11th October, 1963 to perform the function of the Collector for all proceeding here after to be taken in respect of the said lands. He is also directed under section 7 of the said Act read with Government Notification Revenue Department No. LAQ/2262/69177 K, Dated 11th October, 1963 to take order for the Acquisition of the said lands.

A plan of the said lands can be inspected at the office of the Second Additional Special Land Acquisition Officer, (District) Ahmedabad

SCHEDULE

District : Ahmedabad Taluka : Dascroi
Village : Shola.

Survey No.	Area of the lands required.
1	2
	H. A. Sq. Mt.
255	0-01-01
260	0-10-95
270/3/1	0-22-35
219/2	0-05-25

Public purpose : Construction of Gujarat High Court Building.

Date : 22th July, 1992.

K. N. SHELAT,
Collector Ahmedabad.

INDEX

જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો).

જિલ્લો : અમદાવાદ.

ક્રમાંક :જઅમ-(૬)-૨૧/૯૨—અમદાવાદ જિલ્લા કલેકટરના તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૯૧ના જાહેરનામા નં જઅમ-(૪)૫૮/૯૧-ક જે કાયદાનુસાર તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ પ્રસિદ્ધ થયેલ છે તે અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે આ સાથેની અનુસૂચિમાં દર્શાવિલ જમીનો (હવે પછી જેનો ઉલ્લેખ ઉકત જમીનો તરીકે કર્યો છે) આ સાથેની અનુસૂચિમાં જણાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

જમીન સંપાદન ધારાના ક્લમ ૫૨એ અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારીનો જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪(૧૮૯૪નો ૧લો) ની ક્લમ ૫-કની પેટા ક્લમ (૨) મુજબના બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લા) અમદાવાદનો અહેવાલ વિચારણામાં લીધા બાદ જિલ્લાના કલેકટરને એવી ખાતરી થઈ છે કે હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધા લેવામાં આવેલ નથી અને ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવિલ સાર્વજનિક હેતુ માટે સરકારી ખર્ચે સંપાદિત કરવી જરૂરી છે.

આથી ઉકત અધિનિયમન ક્લમ-૬ની જોગવાઈ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવિલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તારીખ ૧૧મી ઓક્ટોબર ૧૯૬૩ની મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલએક્યુ-૨૨૬૨/૬૯૧૭૭-કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની ક્લમ-૩ ના ખંડ(ગ) અન્વયે આથી ઉકત જમીનોઅંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેકટરની ફરજો બજાવવા માટે દસક્રોઈ તાલુકાનો હવાલો ધરાવતા બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લો) અમદાવાદને નીમવામાં આવે છે. ઉકત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ અધિનિયમની ક્લમ-૭ અન્વયે સાથે તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૮૩ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલએક્યુ-૨૨૬૩/૬૯૧૭૭-કે વાંચતાં તેમને ફરમાવવામાં આવે છે.

ઉકત જમીનોનો નકશો બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી (જિલ્લો) અમદાવાદની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ

જિલ્લો : અમદાવાદ તાલુકો : દસક્રોઈ ગામ : સોલા

સરવે નંબર	જરૂરી જમીનોનો વિસ્તાર
૧	૨
	હે. આર. ચો. મી.
૨૫૫	૦-૦૧-૦૧
૨૬૦	૦-૧૦-૯૫
૨૭૦/૩/૧	૦-૨૨-૩૫
૨૧૯/૨	૦-૦૫-૨૫

જાહેર હેતુ : ગુજરાત હાઈકોર્ટના મકાન બનાવવા માટે.

તારીખ : ૨૨મી જુલાઈ, ૧૯૯૨.

કે. એન. શેલત,
કલેકટર અમદાવાદ.

જિલ્લા કલેકટર, ખેડા, દ્વારા

સુધારો

જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (૧૮૯૪નો ૧લો).

જિલ્લો : ખેડા.

નંબર : જખડ-૧૦૨-૯૨ .—જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (૧૮૯૪નો ૧લો) : ની ક્લમ ૬ના " સુધારા ક્યારી લેટરલ ડ્રેઈન ટુ સોજીત્રા ડાલી પલોલ કાંસ" માટે જમીન સંપાદન કરવાના કલેકટરશ્રી ખેડાના જાહેરનામા નંબર : જખડ-૩૧/૯૨ તા. ૧૪/૨/૯૨ની અનુસૂચિમાં પ્રેસ ભુલના કારણે.

જિલ્લો : ખેડા. તા. : માતર ગામ : સીંજીવાડા કે.નં. ૨૮/૯૧

વાંચો		ને બદલે	
સ.નં.	હે.આરે.ચો.મી.	સ.નં.	હે.આરે.ચો.મી.
૬૭૭/૩	૦-૦૧-૫૮	૬૭૭/૩	૧-૦૧-૫૮

૧૫મી જૂન, ૧૯૯૨.

પી. પી. ગઢવી,
કલેકટર, ખેડા.

BY THE DISTRICT COLLECTOR, KHEDA

District : Kheda.

No LKI/53/92.— Whereas it appears to the Collector of Kheda empowered u/s 52-A of the Land Acquisition Act, 1894 that the lands specified in the schedule hereto are likely to be needed for a public purpose viz for New Garden

It is hereby notified under the provisions of section 4 of the Land Acquisition Act, 1894 (I of 1894) that the said lands are likely to be neeed for the purpose specified above

All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any surveyors or other persons employed upon the said lands for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said lands by sale, lease, mortgage, assignment, exchange or otherwise or any outlay or improvements made therein without the sanction of the Collector, after the date of this notification, will, under section 24 (Seventhly) of the said Act, be disregarded by the Officer assessing compensation for such parts of the said lands as may be finally acquired.

INDEX

If the Government of Gujarat is satisfied that the laid lands are needed for the aforesaid purpose, a final notification to the effect under section 6 of the said Act will be published according to law in due course. If the acquisition as in part or wholly abandoned that fact will be duly notified according to law.

Under lause (c) of section 3 of the Land Acquisition Act, 1894 read with Government Notification, Revenue Department No. LAQ-2262-69177-K, dated 11th October, 1963 the Collector of Kheda is pleased to appoint the Special Land Acquisition Officer, Kheda to perform the functions of a Collector under section 5-A of the said Act in respect of the said lands.

SCHEDULE

Case No. 4/92

District : Kheda, Taluka : Nadiad
Village : Nadiad (Chaklashi--Party)

Survey No	Area of the land required
1	2
	H.A.Sq.M.
1243/1	1–83–12
1243/2	1–84–13
1244	1–64–91

Dated, 9th July, 1992.

જિલ્લો : ખેડા.

ક્રમાંક : જખડ/૫૩/૯૨.—જમીન સંપાદન ધારાની કલમ-૫૨-એ અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી જમીનોની નવીન બાગ બનાવવા માટેના કારણસર જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે. કલમ-૪-ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે સદરહુ જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરહુ જમીનોમાં હીત ધરાવતી તમામ વ્યકિતઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદરહુ સંપાદનનાં હેતુસારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યકિતઓને હરકત કરવી નહિ. આ જાહેરનામાની તારીખ પછી કલેકટરની મંજુરી વીના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારણા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહિ.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુકત હેતુઓ માટે જરૂર છે તો સદરહુ અધિનિયમની કલમ ૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદા અનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશત: કે પુર્ણત: જતુ કર્યુ હોય તો તે હકીકત કાયદા અનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. તા. ૧૧મી ઓકટોબર ૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલએકયુ-૨૨૬૨-૬૯૧૭૭-કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ ૩ના ખંડ (બ) હેઠળ જિલ્લા કલેકટર, સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૫-ક હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે બાસ જમીન સંપાદન અધિકારી ખેડાને, નીમે છે.

અનુસૂચિ

કેસ નંબર ૪/૯૨.

જીલ્લો : ખેડા તાલુકો : નડીયાદ ગામ : નડીયાદ (ચકલાસી પાર્ટી)

સરવે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર
૧	૨
	હે. આરે. ચો.મી.
૧૨૪૩/૧	૧–૮૩–૧૨
૧૨૪૩/૨	૧–૮૪–૧૩
૧૨૪૪	૧–૬૪–૯૧

તા. ૮મી જુલાઈ, ૧૯૯૨.

LAND ACQUISITION ACT, 1894 (1 OF 1894) :

District : Kheda.

No. LKI/123/92.—Whereas by Collector, Kheda's Notification No. LKI-150/91 dated 1st October, 1991 it was notified that the lands specified in the Schedule hereto (hereinafter referred to as the said lands were likely to be needed for the public purpose specified in the Schedule hereto.

And whereas the Collector of Kheda empowered u,s. 52-A of Land Acquisition Act, 1894 is satisfied after considering the report of the Special Land Acquisition Officer, Mahi Canal, Nadiad under sub-section (2) of section 5-A of the Land Acquisition Act; 1894 (1 of 1894) that no objection have been taken by interested persons and that the said lands are needed to be acquired at the public expense for the public purpose specified in the Schedule hereto.

It is here by declared under the provision of Sanction 6 of the said Act, that the lands are required for the public purpose specified in the schedule hereto. The Special Land Acquisition Officer., Mahi Canal Nadiad is hereby appointed under clause (c) of section 3 of the said Act, read with Government Notification, Revenue Department No. LAQ-2262-69177-K, dated 11th October, 1963 to perform the functions of Collector for all proceedings hereafter to be taken in respect of the said lands. No is also directed under section 7 of the said Act Rea-

INDEX

With Government Notification, Revenue Department No. LAQ-2262-69177-K, dated 11th October, 1963 to take order for the acquisition of the said lands.

A plan of the said lands can be inspected at the office of the Special Land Acquisition Officer, Mahi Canal; Nadiad.

SCHEDULE

Case No. 57/91.

District : Kheda. Taluka : Borsad. Village: Ras.

Survey No.	approximate area of the lands required.
1	2
	(H. Are. Sq. mts.
160/1	0-01-94
161/2 P.K.	0-03-20
	0-02-00
	0-05-20
164/5	0-02-75
178/2	0-01-00
178/5	0-01-45
160/2	0-01-66
162/13	0-03-98
163/2	0-01-65
164/1	0-03-65
164/3	0-01-03
177	0-03-28
178/3	0-00-94
179/2	0-10-03
160/3	0-00-48
162/14	0-02-90
163/1	0-02-30
164/2	0-00-97
164/4	0-01-95
178/1	0-04-03
178/4	0-00-80

Purchase :- Vadeli Ras lat. drain.

Date : 20th July, 1992.

P. P. GADHAVI,
Collector, Kheda.

જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪) (સને ૧૮૯૪નો ૧લો.)

જિલ્લો:--ખેડા.

ક્રમાંક: જખડ--૧૨૩--૯૨.--ખેડા જીલ્લાના કલેકટરના તા. ૧લી ઓકટોબર, ૧૯૯૧ના જાહેરનામા નં. જખડ/૧૫૦/૯૧ અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ જમીનો (હવે પછી જેનો ઉલ્લેખ ઉકત જમીનો તરીકે કર્યો છે). આ સાથેની અનુસૂચિમાં જણાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

I-B-195

જમીન સંપાદન ધારાની કલમ ૫૨-એ અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (૧૮૯૪નો ૧લો) ની કલમ ૫-કની પેટા-કલમ (૨) મુજબના ખાસ જમીન સંપાદન અધિકારી, મહી કેનાલ, નડીઆદના અહેવાલને વિચારણામાં લીધા બાદ જીલ્લાના કલેકટરને એવી ખાતરી થઈ છે કે હિત-સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધા લેવામાં આવેલ નથી. અને ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે સરકારી ખર્ચે સંપાદિત કરવી જરૂરી છે.

આથી ઉકત અધિનિયમની કલમ-૬ની જોગવાઈ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે ઉકત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ હેતુઓ માટે જરૂરી છે.

તા. ૧૧મી ઓકટોબર, ૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: એલએકયુ-૨૨૬૨-૬૯૧૭૩-કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની કલમ-૩ની ખંડ (ગ) અન્વયે આથી ઉકત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેકટરની ફરજો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારી, મહી-કેનાલ, નડીઆદને નીમવામાં આવે છે. ઉકત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ ઉકત અધિનિયમની કલમ--૭ અન્વયે આ સાથે તા. ૧૧મી ઓકટોબર, ૧૯૬૩ ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલએકયુ--૨૨૬૨/૬૯૧૭૩--કે વાંચતા તેમને ફરમાવવામાં આવે છે.

ઉકત જમીનોનો નકશો ખાસ જમીન સંપાદન અધિકારી, મહી-કેનાલ નડીઆદની કચેરી ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ.

કેસ નં. ૫૭/૯૧.

જિલ્લો:--ખેડા. તાલુકો:--બોરસદ. ગામ:-- રાસ.

સર્વે નંબર	જરૂરી જમીનનો વિસ્તાર
	હે. આરે. ચો. મીટર.
૧૬૦/૧	૦--૦૧--૯૪
૧૬૧/૨	૦--૦૩--૨૦
ખરાબો	૦--૦૨--૦૦
	૦--૦૫--૨૦
૧૬૪/૫	૦--૦૨--૭૫
૧૭૮/૨	૦--૦૧--૦૦
૧૭૮/૫	૦--૦૧--૪૫
૧૬૦/૨	૦--૦૧--૬૬
૧૬૩/૨	૦--૦૧--૬૫
૧૬૪/૧	૦--૦૩--૬૫
૧૬૪/૩	૦--૦૧--૦૩
૧૭૭	૦--૦૩--૨૮
૧૭૮/૩	૦--૦૦--૯૪
૧૭૯/૨	૦--૧૦--૦૩
૧૬૦/૩	૦--૦૦--૪૮
૧૬૨/૧૪	૦--૦૨--૯૦
૧૬૩/૧	૦--૦૨--૩૦

INDEX

૧	૨
	હે.આરે.ચો.મી.
૧૯૪/૨	૦-૦૦-૯૭
૧૯૪/૪	૦-૦૧-૯૫
૧૭૮/૧	૦-૦૪-૦૩
૧૭૮/૪	૦-૦૦-૮૦
૧૬૨/૧૩	૦-૦૩-૯૮

હેતુ:- વડેચીરાસ લેટરલ કાંસ.

તા. ૨૦મી જુલાઈ, ૧૯૯૨.

પી. પી. ગઢવી,
કલેક્ટર, મેહ્સા.

BY THE DISTRICT COLLECTOR, MEHSANA

LAND ACQUISITION ACT, 1894 (1 OF 1894) :

District ; Mehsana.

No.LAQ U-MKM-118/92.—WHEREAS by Government Notification, Revenue Department No. AM/78/2094-M-LAQ. 1078/1081-LA-IV, dated 26th October, 1978 issued under the powers conferred by sub-section (2) of section 52-A of the Land Acquisition Act, 1894 (Act No. 1 of 1894) in its application to the State of Gujarat the powers of the State Government to issue preliminary notification under section 4, except the powers to issue preliminary notification for the acquisition of land for the companies under Part VII of the said Act have been delegated to the Collector of District And whereas it appears to the Collector of Mehsana that the lands specified in the schedule here to are likely to be needed for a public purpose viz: for.

It is hereby notified under the provisions of section 4 of the Land Acquisition Act, 1894 (1 of 1894) that the said lands are likely to be needed for the purpose specified above.

2. All persons interested in the said lands are hereby warned not to obstruct or interfere with any Surveyors or other persons employed upon the said lands for the purpose of the said acquisition. Any contracts for the disposal of the said lands by sale, lease, mortgage, assignment, exchange or otherwise or any outlay or improvement made therein, without the sanction of the Collector, after the date of this notification will under section 24 (seventhly) of the said Act be disregarded by the officer assessing compensation for such parts of the said lands as may be finally acquired.

3. If the Government of Gujarat is satisfied that the said lands are needed for the sforesaid purpose, a final notification to that effect under section 6 of the said Act will be published in Gujarat Government Gazette in due course. If the acquisition is in part or wholly abandoned the fact will be duly notified in the Gujarat Government Gazette.

4. Under clause (c) of section 3 of the Land Acquisition Act, 1894, read with Government Notification, Revenue Department, No. LAQ-2262-69177-K, dated 11th October, 1963 the Collector, Mehsana is pleased to appoint the Special Land Acquisition Officer, Rural Road Project, Gandhinagar to perform the functions of a Collector under section 5-A of the said Act in respect of the said lands.

SCHEDULE

District : Mehsana. Taluka : Sidhpur. Village: Karli.

Survey No.	Approximate area of the lands required.
1	2
	H.A.Sq.M.
1675/4	0-02-56
1676	0-04-80
1677	0-07-52

Date : 1st June, 1992.

જિલ્લા કલેકટર, મહેસાણા દ્વારા

જાહેરનામું

જીલ્લો : મહેસાણા

